# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: નેહલ ઠક્કર

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

## તારીખ : ૦૮-૧૦-૨૦૨૪ મંગળવાર          સમય : સાંજે ૬:25 કલાકે

---

## કચ્છ-હવનાષ્ઠમી:

નવરાત્રિ મહોત્સવ અંતર્ગત ગત રાત્રીએ માતાના મઢ અને ભુજ ખાતેના આશાપુરા મંદિરે હવનવિધિ સંપન્ન થયા બાદ આજે આઠમ નિમિત્તે વાગડના સુપ્રસિદ્ધ યાત્રાધામ રવેચી માતાજીના મંદિર, મોમાઈમોરા ખાતે મોમાઈ માતાજી તેમજ એકલ માતાજી સહીતના ધાર્મિક સ્થળોએ દર્શનાર્થીઓ ઉમટી પડ્યા હતા. આઠમ નિમિત્તે નૈવેધ, હવન, આરતી, મહાપ્રસાદ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

આજે દેશદેવી આશાપુરા મંદિર માતાના મઢ તેમજ ભુજ આશાપુરા મંદિર ખાતે રાજવી પરિવાર દ્વારા આગવી પરંપરા મુજબ પતરી વિધિ યોજાઈ હતી. કચ્છના રાજવી પરિવારના હનુવંતસિંહ જાડેજાએ પરિજનો સાથે માતાના મઢમાં આશાપુરા માતાજીના મંદિરે પત્રી વિધિ કરી હતી. તો, રાજવી પરિવારના પ્રીતિદેવીબાએ ભુજના આશાપુરા મંદિરે પત્રી વિધિ કરી હતી..

આવતીકાલે જીલ્લાભરમાં વિજયાદશમીનો તહેવાર ધામધૂમપૂર્વક ઉજવામાં આવશે. ઠેર ઠેર શસ્ત્રપૂજન, રાવણ દહન સહિતના કાર્યક્રમો યોજાશે.

- (NP, નેહલ ઠક્કર)

---

## કચ્છ-સ્વચ્છતા હી સેવા અભિયાન:

“સ્વચ્છતા હી સેવા” અભિયાન અંતર્ગત કચ્છ જિલ્લામાં સફાઈ ઝુંબેશ ચાલી રહી છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારો સાથે માંડવી , ભચાઉ, નખત્રાણા, ભુજ, રાપર, અંજાર, ગાંધીધામ વગેરે નગરપાલિકા દ્વારા દિવસ અને રાત્રિ સફાઇની નિયમિત કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ શહેરમાં શેરી નાટકના માધ્યમથી સ્વચ્છતાનો સંદેશો તથા લોકોમાં જાગૃતિ આવે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

આજરોજ ભુજ તાલુકા પંચાયત ખાતે સ્વચ્છતા ઝુંબેશ હેઠળ સફાઇ કામગીરી કરાઇ હતી. તો, ગ્રામ્ય વિસ્તારો અંતરજાળ, શિવલખા, લાકડીયા, ભીમાસર ગ્રામ્ય વિસ્તારના રોડ-રસ્તાની સફાઈ, ગામના ચોરાની સફાઈ અને જાહેર ખુલ્લા પ્લોટની સાફ સફાઈ કરવામાં આવી હતી. સફાઈ બાદ એકઠો થયેલ કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત નખત્રાણામાં જાહેરસ્થળોએ શેરી નાટકના માધ્યમથી કલાકારોએ નાગરિકોને સ્વચ્છતા હી સેવા અભિયાનમાં જોડાવા સ્વચ્છતાનો સંદેશ પાઠવ્યો હતો.

માંડવી, ભચાઉ, નખત્રાણા, વગેરે નગરપાલિકા દ્વારા શહેરના જાહેરચોક , રસ્તા તથા ઉકરડાના પોઇન્ટની સઘન સફાઇ કરાઇ હતી. જેમાં નિયમિત રાત્રિ સફાઇ સાથે દિવસ સફાઇની કામગીરી અવિરત ચાલી રહી છે. આ સાથે અંજાર તાલુકા શિક્ષણ સમાજ દ્વારા તોરલ સરોવરની સફાઈ હાથ ધરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આગામી તા.૩૧ ઓક્ટોબર સુધી સમગ્ર રાજ્યમાં "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત ઝુંબેશ સ્વરૂપે સ્વચ્છતાલક્ષી અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## શિક્ષણ વિભાગ-બેસ્ટ ઓફ ટુ:

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે મહત્વની જાહેરાત કરાઈ છે.

જે મુજબ આ વર્ષથી ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની જેમ ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષા વર્ષમાં બે વાર લેવાશે.

ગત વર્ષે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં બેસ્ટ ઓફ ટુ ની પદ્ધતિ લાગુ કરાયા બાદ હવે ધોરણ 10 અને 12 સામાન્ય પ્રવાહમાં પણ આ પદ્ધતિ મુજબ વિદ્યાર્થીઓને પુરક પરીક્ષામાં પરિણામ સુધારવાની તક મળશે.

નવી જોગવાઈ મુજબ ધોરણ 10 અને ધોરણ 12ના તમામ પ્રવાહના વિદ્યાર્થીઓના મુખ્ય પરીક્ષા અને પુરક પરીક્ષાના પરીણામમાંથી જે પરીણામ શ્રેષ્ઠ હશે તેને ધ્યાનમાં લેવાશે.

- (RNU અમદાવાદ)

---

## રાપર, લખપત-સંપૂર્ણતા અભિયાન:

જિલ્લા પંચાયતના કોન્ફરન્સ હોલ ખાતે આ જે એસ્પિરેશનલ બ્લોક રાપર અને લખપત તાલુકાના સર્વાંગી વિકાસ માટે આયોજિત 'સંપૂર્ણતા અભિયાન'નો સમાપન સમારોહ યોજાયો હતો. રાપરના ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાપરના ધારાસભ્યશ્રીએ સંપૂર્ણતા અભિયાન અંતર્ગત પાત્રતા ધરાવતા નાગરિકોના સર્વાંગી વિકાસ માટે લેવામાં આવેલા પગલાઓની સરાહના કરી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રી શૈલેષ પ્રજાપતિએ રાપર અને લખપત તાલુકામાં સંપૂર્ણતા અભિયાન અંતર્ગત પોષણ, આરોગ્ય, શિક્ષણ, ખેતીવાડી અંતર્ગત થયેલા કામો અને નાગરિકોને યોજનાકીય

લાભો પહોંચાડવાની કામગીરીને બિરદાવી હતી. સંપૂર્ણતા અભિયાન અંતર્ગત વિવિધ યોજનાઓમાં લાભાન્વિત નાગરિકોની સાફલ્ય ગાથાઓ ઉપસ્થિત સૌએ નિહાળી હતી.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## ભુજ-પોષણ માસ:

સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ , ભુજ ખાતે આજે પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના ૨૩ બાળકોએ હોંશભેર ભાગ લીધો હતો અને સંસ્થામાં વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

બાળકોને વિટામિનની સાપસીડી, પોષણ માટલું, કઠોળની રંગોળી, લેખન, માટીમાં મેથીનું વાવેતર, સમતોલ અને અસમતોલ આહારની માહિતીનો ચાર્ટ વગેરે જેવી પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા. એનિમિયા, ઝાડા નિયંત્રણ, હેન્ડવોસ, સેનિટાઈઝરનો ઉપયોગ અને પૌષ્ટિક આહાર અંગે બાળકોને સમજણ આપવામાં આવી હતી. સમતોલ આહાર અને અસમતોલ આહારથી થતા ફાયદા અને ગેરફાયદા વિશે પણ વિશેષ માહિતી બાળકોને આપવામાં આવી હતી.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## કચ્છ-વિકાસ સપ્તાહ:

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ઓકટોબર-૨૦૨૪ની તા.૦૭ થી તા.૧૫ દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. વિકાસ સપ્તાહ અંતર્ગત કચ્છ જિલ્લાની શાળામાં વિવિધ સ્પર્ધા યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકશ્રીઓ દ્વારા 'એક ભારત , શ્રેષ્ઠ ભારત ', ' વિકસિત ભારત ' સૂત્રને સાકાર કરવા રાષ્ટ્ર નિર્માણ માટે સંકલ્પબદ્ધ થયા હતા. વિકાસ સપ્તાહ અન્વયે શાળાઓમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

- (માહિતી ખાતુ, ભુજ)

---